ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૮ ટકા
ગાંધીનગર તાપમાન

# ગાંધીનગર પોલીસ ભીંસમાં મુકાઈ

**રેન્જમાંથી પોલીસ બોલાવાઈ : ભાનુભાઈ આત્મવિલોપન પ્રકરણ, વિધાનસભાના સત્રની શરૂઆત, કોળી સમાજની રેલી અને કેનેડાના પ્રધાનમંત્રીનું આગમન : બંદોબસ્ત માટે રેન્જના ચાર જિલ્લામાંથી પોલીસ ખડકી દેવાઈ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પોલીસ ભયંકર ભીંસમાં મુકાઈ ગઈ છે. એક તરફ ભાનુભાઈ વણકર આત્મવિલોપન પ્રકરણ તો બીજી બાજુ આવતીકાલે વિધાનસભાનું ઉદ્‌ઘાટન અને સત્રનો પ્રારંભ, સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે કોળી સમાજની રેલી, તે ઉપરાંત કેનેડાના પ્રધાનમંત્રી પણ અક્ષરધામ દર્શને આવી રહ્યા છે. આ તમામ સ્થળે પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેનું ધ્યાન રાખવાનું છે. પોલીસ માટે આ એક પરીક્ષા છે. જેને પાર પાડવા ગાંધીનગર રેન્જના ચાર જિલ્લાઓમાંથી પોલીસને ગાંધીનગરમાં ખડકી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે.

એક તરફ પાટણનો ચર્ચાસ્પદ કિસ્સો ભાનુભાઈના આત્મવિલોપન પ્રકરણ બાદ સરકાર અને તંત્ર સામે દલિત સમાજે બાંયો ચઢાવી ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો તથા ચક્કાજામ કરાવ્યા છે. રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો આ ઘટનાને પગલે પડ્યા છે. આ મામલો હજુ સમેટાયો નથી જેથી પોલીસ દ્વારા ગાંધીનગરમાં ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. તે ઉપરાંત આવતીકાલે વિધાનસભાના નવીનીકરણ બાદ ઉદ્‌ઘાટન કાર્યક્ર છે અને વિધાનસભા સત્રનો પ્રારંભ થનાર છે. ત્યાં પણ પોલીસે ખાસ બંદોબસ્ત ગોઠવવાનો હોવાથી વિશેષ બંદોબસ્ત સ્કીમ તૈયાર કરવામાં આવી છે.

આ બંને બંદોબસ્ત ઉપરાંત આવતીકાલે કોળી સમાજ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા અને રેલીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. તો બીજી તરફ કેનેડાના પ્રધાનમંત્રી અક્ષરધામ મંદિરે દર્શન કરવા ગાંધીનગર આવનાર છે. આ તમામ કાર્યક્રમોને પગલે ગાંધીનગર રેન્જના ચાર જિલ્લાઓમાંથી પોલીસને સંબંધીત જિલ્લાઓના સરકારી વાહનો સાથે ગાંધીનગરમાં બોલાવી લેવામાં આવી છે.

## વિધાનસભા માટે લોખંડી પોલીસ બંદોબસ્ત

વિધાનસભા સત્રનો પ્રારંભ થનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર લોખંડી સુરક્ષા વ્યવસ્થા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવનાર છે. ડીઆઈજીના સુપરવિઝન હેઠળ બે એસ.પી., એક એએસપી, ૧૦ ડીવાયએસપી, ૩૫ પી.આઈ., ૭૦ પીએસઆઈ, ૬૦૦ પોલીસ, ૭૫ મહિલા પોલીસ, ૫૦ ટ્રાફીક પોલીસ, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ, કવીક રીસ્પોન્સ ટીમ અને ચાર કંપની એસઆરપી ગાંધીનગરમાં ખડકી દેવામાં આવનાર છે.

# મહુન્દ્રા પાટીયા પાસેથી દારૂની બોટલો ભરેલી વર્ના ઝડપાઈ

**પોલીસને પીછો કરતા જોઈ બુટલેગરે વર્ના સાઈડમાં કરી દીધી અને ત્યાંથી ફરાર થઈ ગયો : રૂા. ૪૩ હજારનો દારૂ જપ્ત**

ગાંધીનગર, તા. ૧૮

ચિલોડા પોલીસને ગઈ કાલે ચોક્કસ બાતમી મળી હતી કે હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહેલી એક વર્ના કારમાં વિદેશી દાર-નો જથ્થો ભરેલો છે. આ બાતમીના આધારે ચિલોડા પોલીસે મહુન્દ્રા પાસે વૉચ ગોઠવી બાતમીવાળી કાર આવતા તેને ઊભી રાખવા ઈશારો કર્યો હતો. કાર ચાલકે પોલીસને જોઈને કાર ભગાડી મૂકતા પોલીસે પીછો કર્યો હતો. પોલીસને પીછો કરતા જોઈ બુટલેગરે આગળ જઈ વર્ના સાઈડમાં કરી દીધી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે વર્નામાં તપાસ કરતા અંદરથી રૂા. ૪૩ હજારની કિંમતની ૧૦૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.




ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા ગઈ કાલે સિવિલ હોસ્પિટલ ખાતે બંદોબસ્તમાં હતા ત્યારે બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી આવી રહેલી જીજે.૧ એચ.એમ. ૮૩૮૪ નંબરની વર્ના કારમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમી આધારે એક ટીમને મહુન્દ્રા પાટીયા પાસે વોચમાં ગોઠવી તેનો પીછો કરવામાં આવતા કાર ચાલકે કાર મુકી દીધી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. કારમાં તપાસ કરતા અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૦૮ નંગ વિદેશી દારૂની બોટલો કિ. રૂા. ૪૩,૨૦૦ની કારમાંથી મળી આવી હતી. પોલીસે રૂા. ૫ લાખની કાર અને દારૂ મળીને કુલ ૫.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કારના નંબર આધારે દારૂની હેરાફેરી કરનાર શખ્સ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# છત્રાલમાં બે કોમની ધમાલ શાંત કરાવવા પહોંચેલી પોલીસ પર હૂમલો



**પોલીસની ગાડીમાં તોડફોડ કરીને એક હેડ કોન્સ્ટેબલને ટોળામાં ખેંચી જઈ ધોકા અને છુટી કાચની બોટલો મારી : ટોળા સામે ગુનો દાખલ**

કલોલ તાલુકાના છત્રાલ ગામમાં ગઈકાલે બે કોમ વચ્ચે હિંસા ફાટે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. એક કોમ દ્વારા બીજા કોમના સભ્યોના ઘર ઉપર પથ્થરો ફેંકાઈ રહ્યા હતા. આ મેસેજથી પોલીસ કાફલો ઘટનાસ્થળે મામલો શાંત કરાવવા પહોંચ્યો હતો. તે દરમ્યાન એક કોમના ટોળાએ પોલીસની ગાડી ઉપર પથ્થરમારો કરી તોડફોડ કર્યા બાદ એક હેડ કોન્સ્ટેબલને ટોળામાં ખેંચી લઈ ધોકા અને છુટી કાચની બોટલો મારી હૂમલો કર્યો હતો. પોલીસે ૪૦ વ્યક્તિઓના ટોળા સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



શ્રી રાજેન્દ્ર ત્રિવેદીને વિધાનસભાના અધ્યક્ષ પદે નિમણુંક થતાં બ્રહ્મ સમાજના અગ્રણી સંતોષ શુક્લા, ભરત શર્માજી (દિલ્હી), અશ્વિન ત્રિવેદી, પુરુષોત્તમ શર્મા, રાકેશ પાઠક અને યુવા અગ્રણી દિવ્ય ત્રિવેદી શુભેચ્છા પાઠવતા ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી અને ભગવાન પરશુરામની તસવીર ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે વિસ્તરણ અધિકારીઓ અને ગ્રામસેવકોની તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે તા. ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ વિસ્તરણ અધિકારીઓ અને ગ્રામસેવકોની તાલીમ શિબિર યોજાઈ હતી.

જેમાં કેન્દ્રનાં નિષ્ણાંતો દ્વારા તાલીમાર્થીઓને પાક ઉત્પાદન વધારવાની તકનીકો, કૃષિ મહાવિદ્યાલયો દ્વારા ભલામણ થયેલ આધુનિક અને નવીતમ તકનીકો, સજીવખેતી, વિવિધ યોજનાઓ તેમજ મુખ્ય પાકોમાં આવતા રોગ જીવાતો અને તેના નિયંત્રણ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમનો મુખ્ય હેતુ જિલ્લામાં વિસ્તરણ કાર્યકર્તાના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો થાય અને તેમના મારફતે વધુમાં વધુ ખેડૂત સમુદાય સુધી આ જ્ઞાન, સંશોધનો અને યોજનાઓનો લાભ પહોંચે તેના માટે જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. વી. કે. ગર્ગના સંયુક્ત પ્રયાસોથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શહેરમાં ટાયર ચોરતી ગેંગનો આતંક યથાવત

**સે. ૮-સીમાં વધુ એક કારના ચારેય ટાયરની ઉઠાંતરી**

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં રાત્રી દરમિયાન ફરતી ટાયરો ચોરતી ગેંગનો આતંક યથાવત છે. સિમેન્ટના બ્લોક મુકીને કારના ટાયરો ચોરી જતી આ ગેંગ દ્વારા વધુ એક કારને ટાર્ગેટ કરી ચાર ટાયરો ચોરી કરવામાં આવ્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. સે. ૮-સીમાં રહેતા અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા ઓશેફ વર્ગીસ થોમસની સ્વીફ્ટ ગાડીને ટાર્ગેટ કરી આ ગેંગ રૂ. ૪૦ હજારની કિંમતના ચારેય ટાયરો કારમાંથી નીકઆળી દઈને કાર નીચે બ્લોક મુકી ફરાર થઈ ગઈ છે. સે. ૭ પોલીસે વકીલની ફરીયાદ આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# કોબા-ભાટ વચ્ચે ટ્રાફિક જામ

ગાંધીનગર, તા. ૧૮

કોબા-સર્કલથી એરપોર્ટ જતા માર્ગ પર આવેલ મોટી સંખ્યામાં પાર્ટી પ્લોટ્સને પગલે આજે સાંજે આ રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. આ માર્ગ પરના પ્રવાસીઓ ૪૫-૪૫ મિનિટ સુધી બ્લોક થઈ ગયા હતા. પોલીસતંત્રની દરમ્યાનગીરીને પગલે ટ્રાફિક હળવો થવામાં પણ ભારે સમય લાગ્યો હતો. ૧૭થી ૨૧ દરમ્યાન ભારે લગ્નસરાની મોસમ હોવાથી ઠેર ઠેર ટ્રાફિક જામ થઈ જવાના દૃશ્યો ગાંધીનગર શહેરની આસપાસના માર્ગો પર સર્જાયા હતા.

# એમ.બી.પટેલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં માતા-પિતા વંદન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ અંતર્ગત ઉજવાતા 'વેલેન્ટાઈન ડે'ના સાચા મર્મને સમજાવતાં એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં માતાપિતા વંદન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ કંકુ-ચોખા-ફૂલ-આરતી-મીઠાઈથી ભારતીય સંસ્કૃતિથી માતા-પિતાનું પૂજન કરવામાં આવ્યું હતું.

એક-એક વિદ્યાર્થીની આંખમાં આંસુ એ અમારા કાર્યક્રમની ફલશ્રુતી રહી હતી. આજના જમાનામાં મા-બાપ અને બાળક વચ્ચે કોઈ વાર્તાલાપ જ નથી. મોબાઈલમાં કાર્યરત બાળક માતા-પિતા સાથે વાત-ચીત જ નથી કરતા. ગણેશ અને કાર્તિકેયના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને માતા-પિતાનું ગોરવ સમજાવવામાં આવ્યું. માતા-પિતાએ પણઆ પોયલોટ પ્રોજેક્ટને બિરદાવ્યો હતો.

ધોરણ-૯ના વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચયને જણાવ્યું કે 'માતા-પિતા' જ આપણા સૌના 'વાઈ-ફાઈ' છે. અને સૌએ મા-બાપનો આભાર માનવો. યોગ વેદાંત સમિતિ, ગાંધીનગરથી તેજસ ગાંધી અને કરણભાઈએ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સરકારી નિર્ણય અને વહવટી અમલ, વિલંબ હંમેશા નુકશાનકારક

**પ્રજાકીય પ્રશ્નો અંગે શાસકની ત્વરિત નિર્ણયક્ષમતા અને વહવટી તથા પોલીસતંત્રની અસરકારક અમલવારી રાજ્યની સુખાકારી તથા સલામતી માટે પ્રાથમિક આવશ્યકતા છે**




ગાંધીનગર, તા. ૧૮

સરકારના વહીવટીતંત્રની ઢીલી નીતિના કારણે પાટણના દલિત અગ્રણીએ અગન પિછોડી ઓઢી લેતાં રાજ્યમાં ઊનાકાંડ પછી ફરી એકવાર દલિત આંદોલનની સ્થિતિ સર્જાઈ છે. ઠાકોર સમાજનું વ્યસનમુક્તિ આંદોલન હોય, પાટીદાર અનામત આંદોલન હોય કે પદ્માવત ફિલ્મ મુદ્દે રાજપૂત સમાજનું વિરોધ પ્રદર્શન હોય. આ પ્રકારની ઘટનાની શરૂઆત મોટે ભાગે સરકારની નિર્ણય ક્ષમતા અને તેનો અસરકારક અમલ કરવા માટે વહીવટીતંત્રની તત્પરતા બંને વચ્ચેના તાલમેલના અભાવને કારણે વરવું સ્વરૂપ ધારણ કરવા તરફ ગતિ કરે છે અને સરવાળે તેનો ભોગ સામાન્ય પ્રજા બને છે. વળી સરકારી સંપત્તિને નુકશાન થાય છે તે વધારામાં.

અખબારી આલમમાં એક રૂઢિપ્રયોગ અનેકવાર વાપરવામાં આવે છે તે છે ''વહીવટીતંત્ર ઘોર નિંદ્રામાં'' કેટલાક કિસ્સામાં સત્તાધીશો દ્વારા પોતાના રાજકીય નફા-નુકશાનની ગણતરી માંડીને રાહ જોવાની નીતિ અપનાવાતી હોય છે તો કેટલાક કિસ્સામાં સત્તાધીશોના નિર્ણયની અમલવારી કરવામાં વહીવટીતંત્રની આળશ સમસ્યાને વકરવા માટે બળ પુરી પાડતી હોય છે. ખેડૂતોની આકરી મહેનત પછી પાકના ભાવો બજારમાં પોષણક્ષમ ના મળે તેવી સ્થિતિમાં જ્યાં સુધી ખેડૂતો રસ્તા પર ખેત પેદાશને ફેંકી દે કે આત્મવિલોપન ના કરે ત્યાં સુધી સરકાર ટેકાના ભાવ જાહેર ના કરે તેવો વિલંબ શાસકની શાસન ક્ષમતા માટે સવાલ ખડા કરે છે.





ટેકાના ભાવ હોય કે વિજળી-પાણીનો મુદ્દો હોય, અતિવૃષ્ટિ કે ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ સમયે રાહતકાર્યો હાથ ધરવાથી માંડીને પુર્નવર્સન સહાય જાહેર કરવાની બાબત હોય, સરકારી નોકરી માટેની ભરતી પરીક્ષાનું પરિણામ હોય કે ઉમેદવારોની નિમણૂંકોની યાદી જાહેર કરવાની હોય, વંચિતોને તેમના હક્ક આપવાનો હોય કે સામુહિક હિંસાને પ્રેરિત કરતી પરિસ્થિતિ હોય, શાસકે તમામ તબક્કે પ્રજાલક્ષી અને ઝડપી નિર્ણય ક્ષમતા પ્રદર્શિત કરવા સાથે તેનો ત્વરિત અમલ થાય તે પણ જોવાની જવાબદારી નિભાવવી અત્યંત જરૂરી હોય છે. ચૂંટણીઓ સમયે મતદારોને લોભાવવા 'તમે એકવાર જાગજો, હું પાચ વર્ષ જાગીશ' તેવી વાતો કરવી કે સભામાં આવ્યા પછી મોટી મોટી યોજનાઓની જાહેરાતો કરી દેવી તે સરળ છે પરંતુ જો તેનો સાચી રીતે અમલ ના થાય તો બધુ વ્યર્થ હોવા સાથે સરકારી નાંણાનો વ્યય કરનાર સાબિત થાય છે. આ બાબતનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતનું 'દિકરી બચાવો' અભિયાન છે. જેમાં અબજો રૂપિયાના આંધણ પછી પણ દિકરી જન્મદર ઈતિહાસમાં સૌથી નીચલા તળિયે પહોંચી જવા પામ્યો છે તે છે.

વહીવટીતંત્ર કે પોલીસતંત્ર દરેકને પરિસ્થિતિ મુજબ નિર્ણય લઈ અસરકારક પ્રજાલક્ષી કામગીરી કરવાની સત્તા તેના ઉચ્ચ અધિકારીઓ પાસે હોય છે પરંતુ માત્ર રાજકીય પ્રત્યાઘાતનો અને લાભાલાભને ધ્યાનમાં રાખવાની સરકારી નીતિને પોષવામાં સરકારી નિર્ણયોની રાહ જોવાની જાણે તંત્રને આદત પડતી જાય છે. આ માટે કેટલાક કિસ્સામાં માથે જવાબદારી લેવાથી છટકવાની વૃત્તિ અથવા સરકારની જીહજુરી જવાબદાર હોય છે. ઘણીવાર બદલી કે અન્ય સજાકીય પગલાંની બીકમાં વહીવટીતંત્ર કે પોલીસતંત્ર દ્વારા ઘટનાનો પ્રતિભાવ આપવામાં કે ત્વરિત પગલાં લેવામાં રાહ જુઓની નીતિ અપનાવાય છે. ભાનુભાઈ વણકરના કિસ્સામાં જે રીતે મુખ્યમંત્રી કાર્યાલયથી જમીન ફાળવણીની મંજૂરી અપાઈ હોવા છતાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તેના અમલમાં દાખવવામાં આવેલી બેદરકારી અક્ષમ્ય છે તેટલી જ બેદરકારી ભાનુભાઈએ આપેલ આત્મવિલોપનની ચિમકીને ગંભીરતાથી લઈ તેને અટકાવવા કાર્યવાહી કરવામાં પોલીસતંત્ર દ્વારા દાખવવામાં આવેલા વિલંબમાં જણાઈ આવે છે. આટલુ અઘરૂ હોય તેમ ભાનુભાઈનુ સારવાર દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

## અવસાન નોંધ

ગાંધીનગરના સેક્ટર-૬-સીમાં પ્લોટ નં. ૧૦૬૨/૧ ખાતે નિવાસી ૭૫ વર્ષીય વજેસિંહ અમરસિંહ ડોડિયાનું તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ નિધન થવા પામ્યુ છે.

## ચિરવિદાય

- સ્વ. રૂખીબેન પ્રભુદાસ પ્રજાપતિ, ઉ.વ.૮૫
- સ્વ. જસમાબેન શંકરાજી ઠાકોર, ઉ.વ.૭૫
- સ્વ. ધ્વનિબેન નરેશભાઈ પ્રજાપતિ, ઉ.વ.૧૫
- સ્વ. મણીબેન ધુડાજી સોલંકી, ઉ.વ.૬૮
- સ્વ. આનંદ પરબતભાઈ રાવળ, ઉ.વ.૨૪

ટચુકડી જાહેર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧